**-:: આંક-૧૧ ની અરજી નીચે હુકમ ::-**

૧. આરોપી નં.૨ ની હાલની આંક-૧૧ ની અરજી તથા રેકર્ડ વંચાણે લીધું. જે સામે સરકાર તરફે વિધ્વાન એ.પી.પી.શ્રી તથા આરોપી નં.૨ ના વિધ્વાન વકીલશ્રીને સાંભળ્યાં.

૨. આરોપી નં.૨ નાએ હાલની અરજી આપી તેઓની સામે ખોટી રીતે કાર્યવાહી કરી આરોપી નં.૧ તેઓને ફસાવવા માંગતા હોય ખોટી હકિકત જણાવી તેઓની સામે આઈ.પી.સી.કલમ-૪૦૬, ૪૨૦, ૪૦૯ અને ૧૧૪ મુજબની ખોટી ફરીયાદ કરી તે અનુસાર તપાસ કરનાર અધિકારીએ તેઓની વિરુધ્ધ ખોટું ચાર્જશીટ કરેલ હોય તેઓની સામે કોઈપણ પ્રકારે ઉપરોકત જણાવેલ કલમો મુજબનો ગુનો બનતો ન હોય સી.આર.પી.સી.કલમ-૨૩૯ અન્વયે ડીસ્ચાર્જ કરવા અરજ કરેલ છે.

૩. જે સામે સરકાર તરફે વિધ્વાન એ.પી.પી.શ્રીએ કોઈ જવાબ રજુ કરેલ નથી. પરંતુ, બંને પક્ષકારોની મૌખિક દલીલો સાંભળવામાં આવેલ છે. જેમાં આરોપી તરફે વિધ્વાન વકીલશ્રીએ જણાવેલ છે કે, આઈ.પી.સી.કલમ-૪૦૬, ૪૨૦, ૪૦૯ ની કાયદાકીય જોગવાઈઓ મુજબ આરોપીની કસ્ટડીમાં કોઈ મિલ્કત હોય અને તેણે અપ્રમાણિકપણે પડાવી લીધી હોય તેવું બેન્કીંગ કાયદા મુજબ પચ્ચાસ હજાર રુપીયા સુધી ટ્રાન્સફર કરવાની મર્યાદા કેસીયરની છે અને આરોપી નં.૨ જે તે સમયે કેસીયરની ફરજ બજાવતા હતા, આરોપી નં.૧ પાસે વધું રકમ પાસ કરવાના પાવર છે, આજ દિન સુધી ''Key'' not specify by any parties. પોલીસ ધ્વારા રજુ થયેલ સી.આર.પી.સી.કલમ-૧૭૩ મુજબના રીપોર્ટ સાથે સાહેદોના નિવેદનો વંચાણે લેતા આ બનાવ જે તે સમયે બન્યો ત્યારે નોટબંધી અમલમાં હતી અને તા. ૧૪-૧૧-૧૬ ના રોજ બેન્ક મેનેજર પ્રવિણ કે. રાઠોડ હતા. તેમજ વિપેશ દોશી કે જે ઓફીસર અને કમલભાઈ કે જે આરોપી નં.૨ કેસીયર ઈનચાર્જ હતા, જે તે સમયે આખા દિવસનું કેસ કલેકશન આઠેક કરોડ જેટલું થયેલું અને વોલ્ટમાં રાખતી વખતે સાહેદ મિલનભાઈ તેમજ વિપેશભાઈ દોશી અને બેન્ક મેનેજર સાહેબ હતા અને જે તે દિવસે અઢી લાખ ખાતામાં જમા થયેલ છે કે કેમ તે બાબતની કોઈ ચર્ચા થયેલ ન હોવાનું સાહેદ મિલનભાઈ લલીતભાઈ શુકલ, ભગવાનજીભાઈ મેઘજીભાઈ ચાવડાના નિવેદનમાં ફલીત થાય છે. જયારે સાહેદ કમલજીત રાયસિંહજી ચૌહાણ, મુકેશભાઈ ગોવિંદજી કકડ, દિનેશ હેમંતલાલ બગીચાના નિવેદનોમાં રુ.અઢી લાખ કોઈના ખાતામાં જમા થયેલ નથી તેવી હકિકત બહાર આવેલ અને હિસાબ ન મળતા રુ.અઢી લાખ કમલભાઈએ ટ્રેમાં મુકી વિપેશભાઈને તેઓની હાજરીમાં આપતા આ ટ્રે વિપેશભાઈએ લઈ અને કબાટમાં મુકી દીધેલી તેવી હકિકત બહાર આવવા પામેલ છે.

આમ, ઉપરોકત તમામ સાહેદોની હકિકત ધ્યાને લેતા આરોપી નં.ર નાએ અઢી લાખ અપ્રમાણીકપણે પોતાની પાસે રાખેલ હોય કે તે ઘરે લઈ જવા પ્રયત્ન કરેલ હોય તેવું બનેલ નથી. જેથી આરોપી નં.ર ને સીઆર.પી.સી.કલમ–ર૩૯ અન્વયે ડીસ્ચાર્જ કરવા અરજ કરી નામદાર સુપ્રિમ કોર્ટ અને નામદાર હાઈકોર્ટના નીચે મુજબના ચુકાદાઓ રજુ કરેલ છે.

1. LAWS (SC) 2000 (9) 110, K.RAMAKRISHNA V/s. STATE OF BIHAR.
2. PROF R.K. VIJAYSARATHY & Anr. V/s. SUDHA SEETHARAM & Anr.
3. KALPESHPARI HASMUKHPARI GOSWAMI V/s. STATE OF GUJARAT.
4. 1980 CRI. L.J. 1143, SMT. BADAMO DEVI AND ANOTHER V/s. STATE AND ANOTHER/
5. 1987 CRI. L.J. 497, MAHANTASWAMY AND OTHERS V/s. STATE OF KARNATAKA.

૪. જે સામે સરકાર તરફે વિધ્વાન એ.પી.પી.શ્રીએ મૌખિક દલીલ કરી જણાવેલ છે કે, ફરીયાદ સમયે કેસીયર કમલભાઈ છે, જેઓએ રોકડા રુપીયા અઢી લાખ લીધેલ છે, તા.૧૬–૦૩–૧૭ ના રોજ ભરતભાઈ એ તમામ પૈસા જમા કરાવી દીધેલ છે પરંતુ, જમા થયેલ નથી. તેની ખબર ત્રણ માસ બાદ થયેલ છે, કેસ ઓફીસર તરીકે વિપેશભાઈ છે, પોલીસ તપાસમાં બંને આરોપીઓની પુછપરછ કરતા કોઈ સંતોષકારક જવાબ મળી આવેલ નથી, રકમ જમા કરાવતી વખતે કોઈ રુ.પચ્ચાસ હજાર સુધીની લીમીટ કેસીયરની રહેતી નથી તે લીમીટ રકમ ઉપાડતી સમયે ધ્યાને રાખવાની રહે છે. સાહેદોના નિવેદનોમાં હિસાબની ગણતરી કરતા અઢી લાખ વધતા હોવાનું જણાવે છે. જયારે આરોપી નં.ર એ રુ. અઢી લાખ લીધેલ હોય કે તેમની કસ્ટડી રાખેલ હોય તેવું બનેલ નથી કે સાહેદોના નિવેદનથી બહાર આવતું નથી તો તેવી જ રીતે આરોપી નં.૧ ની સામે પણ તેઓએ અઢી લાખ રુપીયા પોતાની પાસે રાખેલ હોય કે લીધેલ હોય તેવી હકિકત પણ રેકર્ડ ઉપર આવતી નથી. આ તમામ સંજોગયોમાં રુપીયા અઢી લાખનું થયું શું તે આજ દિન સુધી સ્પષ્ટ થયેલ નથી. જેથી બંને આરોપીઓ એકબીજા સાથે સંકળાયેલ છે. આરોપી નં.ર જો કહેતા હોય કે એફ.આઈ.આર. ખોટી છે તો તેની કોસીંગ અંગેની કોઈ કાર્યવાહી હાઈકોર્ટમાં કરવામાં આવેલ નથી. બંને આરોપીઓ વિરુઘ્ઘ કોઈ કર્યુ જ નથી તેવો પણ કોઈ પુરાવો કે નિવેદન આપેલ નથી. બંને આરોપીઓએ એકબીજા સાથે મળીને ભાગ ભજવેલ છે. જેથી હાલના તબકકે આરોપી નં.ર ની હાલની અરજી ગ્રાહય રાખવામાં આવે તો પુરાવો લીધા વિના જ આરોપી નં.ર ને નિર્દોષ છોડી મુકવા બરાબર છે જે આ તબકકે ન્યાયી ન હોય આરોપી નં.ર ની હાલની અરજી ના મંજુર કરવા અરજ

કરેલ છે.

૫. આમ, ઉપરોકત મામ રેકર્ડ, હકિકત અને રજુઆત ધ્યાને લેતા આરોપી નં.૨ ના કેસીયર તરીકે જે તે સમયે ફરજ બજાવતા હતા અને રૃા.અઢી લાખ તેઓએ સ્વિકાર કરેલ પરંતુ, તે પાસ કરાવવા કે અઢી લાખ રુપીયા જે તે સમયે તાત્કાલીક વિપેશભાઈ કે જે આરોપી નં.૧ છે તેઓને આપેલા હોય તેવી કોઈ હકિકત જણાય આવતી નથી, રુ.અઢી લાખ એ, દિવસના અંતે કેસની ગણતરી કરતી વખતે કોઈના ખાતામાં જમા થયેલ નથી તે બહાર આવતા ત્યાર બાદ સાહેદ અને આરોપી નં.૧, ૨ મળીને આરોપી નં.૧ ને સોંપણી કરેલ છે જે આરોપી નં.૧ નાએ વોલ્ટમાં તેમની હાજરીમાં રાખેલ હોવાનું જણાવેલ છે. પરંતુ, ત્યાર બાદ તે રુપીયા અઢી લાખનું શું થયું ? અને તે વોલ્ટ ઓપન કરવાની કે બંધ કરવાની જવાબદારી શું માત્ર આરોપી નં.૧ ની જ હતી ? કે તેની સાથે કોની કોની હતી તેવી પણ કોઈ સ્પષ્ટતા હાલના તબકકે થયેલ નથી, આરોપી નં.૨ કેસીયર તરીકેની ફરજ બજાવતા હતા તે અનુસંધાને તેમને માત્ર પચ્ચાસ હજાર રુપીયા સુધીનો જ વહેવાર કરવાની સત્તા છે તેવું પણ સાહેદોના નિવેદન કે પોલીસ તપાસમાં ખુલેલ નથી. આમ, ઉપરોકત તમામ હકિકતો સાથે આરોપી નં.૨ ધ્વારા રજુ થયેલ નામદાર સુપ્રિમ કોર્ટ અને નામદાર હાઈકોર્ટના ચુકાદાઓની હકિકતો માનભેર વંચાણે લેતા તેમાં જો જયુડીશ્યલ મેજીસ્ટ્રેટને સીઆર.પી.સી.કલમ–૧૭૩ અન્વયે રજુ થયેલ રીપોર્ટમાં સ્પષ્ટપણે આરોપી સામે કોઈ ગુનો બનતો નથી તેવું જણાય આવે તો આરોપીને ડીસ્ચાર્જ કરવાની જોગવાઈ છે તેવું ઠરાવેલ છે. પરંતુ, હાલના કેસમાં આરોપી નં.૨ ના સ્પષ્ટપણે શંકાના દાયરાથી બહાર નથી. જેથી હાલની અરજી મંજુર કરવી ન્યાયોચિત જણાય આવતું ન હોય નીચે મુજબનો હુકમ કરવામાં આવે છે.

## :: હુકમ ::

આ કામના આરોપી નં.૨ ની તેઓને ડીસ્ચાર્જ કરવાની આંક–૧૧ ની અરજી ના મંજુર કરવામાં આવે છે.

હુકમ આજરોજ તારીખ: ૦૪ થી, માહે:જાન્યુઆરી , સને:૨૦૨૨ ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી સંભળાવી જાહેર કરવામાં આવ્યો.

તા.૦૪–૦૧–૨૦૨૨,
સ્થળ:જામજોધપુર.

**(જયશ્રીબેન શાંતીલાલ જાદવ)**
જજ કોડ નં.૧૪૨૪
જયુડીશ્યલ મેજીસ્ટ્રેટ ફર્સ્ટ કલાસ,
જામજોધપુર.